# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


મા-૪/સેમિનાર/મંજૂરી/૨૦૨૬/ 2677 તા.૨૫/૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓ,

સુરત શહેર/જિલ્લો.

**વિષય:** ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના શૈક્ષણિક અધિવેશન (વર્ષ ૨૦૨૫-૨૬) માં ભાગ લેવા બાબત.

**સંદર્ભ:** ૧. કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: COS/SEC/efile/276/2026/0646/ SECONDARY, તા. ૧૮/૦૨/૨૦૨૬.

૨. સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘનો વિનંતી પત્ર તા. ૨૪/૦૨/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના સંદર્ભ-૧ દર્શિત પત્રથી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ૦૨ (બે) દિવસીય શૈક્ષણિક અધિવેશન યોજવાની મંજૂરી આપવામાં આવેલ છે.સદર અધિવેશન અંગે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ મુજબ નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે:

- **પ્રતિનિધિ ફી:** અધિવેશન માટેની ડેલિગેશન ફી રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) જે તે શાળાએ ગ્રાન્ટમાંથી ખર્ચવાની રહેશે.
- **ભથ્થા:** અધિવેશનમાં હાજરી આપનાર શિક્ષકોને પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયમોનુસાર મળવાપાત્ર થશે.
- **સમયગાળો:** આ શૈક્ષણિક અધિવેશન વધુમાં વધુ ૦૨ (બે) દિવસનું રહેશે.
- **ગ્રાન્ટની પાત્રતા:** ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવામાં આવશે.

આથી, આપની શાળામાં ફરજ બજાવતા શિક્ષકો આ શૈક્ષણિક અધિવેશનમાં ભાગ લઈ શકે તે માટે જરૂરી વહીવટી પ્રક્રિયા કરવા અને આ અંગેની જાણ સંબંધિતોને કરવા આ પરિપત્ર દ્વારા સૂચિત કરવામાં આવે છે. શૈક્ષણિક કાર્યમાં ન્યૂનતમ વિક્ષેપ પડે તે રીતે આયોજન કરવા વિનંતી છે.

જિલ્લાશિક્ષણાધિકારી,

સુરત,જિલ્લો-સુરત.

<u>નકલ રવાના જાણ સારું,</u>

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ, સુરત.